

મોડાસામાં શીતળા સાતમની ધામધૂમપૂર્વક ઉજવણી કરાઈ



# શ્રાવણિયા જુગાર માટે આબુ-ઉદેપુરમાં ડેરા

ગાંધીનગર, તા. ૪

સાતમ-આઠમના તહેવારોમાં વિશેષ ધાર્મિક માહોલ છવાય છે. આઠમના મેળાઓમાં હૈયેહૈયુ દબાય તેવી ભીડ જામે છે. મંદિરોમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવ પ્રસંગની ધામધૂમથી ઉજવણી કરવામાં આવે છે. શ્રીકૃષ્ણના ભાવિકોની જેમ જ જુગારના શોખીનોમાં પણ આ તહેવાર ખુબ લોકપ્રિય છે. સાતમ-આઠમના તહેવારો દરમ્યાન સતત બે-ત્રણ દિવસ કોઈ ખલેલ વિના જુગાર રમી શકાય તે માટે શોખીનોએ અત્યારથી જ હોટલો-ફાર્મહાઉસમાં ડેરા તંબુ તાણી દીધી છે. આબુ-ઉદેપુરની હોટલો પણ કેટલાક શોખીન જુગારીઓએ બે-ત્રણ દિવસ માટે બુક કરાવી લીધી છે.

**જન્માષ્ટમીના તહેવારોમાં જુગાર રમવાના શોખીનોએ હોટેલ-ફાર્મહાઉસ બુક કરાવ્યા : ગાંધીનગરની આસપાસના ફાર્મહાઉસ પર પણ જુગારીઓના ધામા**

સાતમ-આઠમના તહેવારોનો રંગ જામતો જાય છે. ધાર્મિક કાર્યક્રમો અને પ્રવાસોનું આયોજન થઈ રહ્યું છે. આથી સાથે જ જુગારના શોખીનો પણ એકદમ તૈયાર થઈ ગયા છે. ગાંધીનગરની આસપાસ અને અમદાવાદના સીમાડે આવેલા ફાર્મ હાઉસમાં જુગારીઓની અવરજવર વધી ગઈ છે. ગાંધીનગરના ઘણા વેપારીઓ, અગ્રણીઓ અને શ્રીમંતો અહીં પહોંચી ગયા છે. જો કે અહીં પોલીસના દરોડાનો ડર હોઈ ઘણા શોખીનો આબુ-ઉદેપુર સુધી જુગારની બાજી રમવા પહોંચી ગયા છે. ગાંધીનગરના ઘણા શ્રીમંત વેપારીઓએ તેમના આખા ગ્રુપ માટે આબુ-ઉદેપુરની હોટલો બુક કરાવી લીધી છે. અહીં જુગારીઓને કોઈ ખલેલ વગર તેમના શોખ પુરા કરવાનો પુરેપુરો અવકાશ મળતો હોવાથી ગુજરાતની નજીક આવેલા આ બંને સ્થળોએ જુગારીઓની જાણે ભીડ જામી છે.

સાતમ-આઠમે જુગાર રમવાનો ક્રેઝ હોઈ સોસાયટીની મહિલાઓમાં પણ હોઈ કેટલાક સોખીનો સપત્નિ આબુ-ઉદેપુર જવા નીકળી ગયા છે. સળંગ ત્રણ-ચાર દિવસ સુધી અહીંની તમામ હોટલો હાઉસફુલ થઈ ગઈ છે. જન્માષ્ટમીના તહેવારો દરમ્યાન રજાનો માહોલ રહેતા શોખીનો આ દિવસો દરમ્યાન પોતાનો શોખ પુરો કરી લે છે.

## શહેરમાં જન્માષ્ટમી નિમિત્તે વિવિધ કાર્યક્રમો

● **શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ વિદ્યાલય દ્વારા જન્માષ્ટમીનો કાર્યક્રમ યોજાશે**

સે. ૨૩ સ્વામિનારાયણ વિદ્યાલયમાં જન્માષ્ટમીની ઉજવણી અનોખી રીતે કરવામાં આવશે. જન્માષ્ટમી નિમિત્તે ગુરૂકુળના ૩૫૦થી વધુ વિદ્યાર્થીઓ ભગવાન શ્રી વિષ્ણુના દશાવતારને નૃત્ય તેમજ નાટીકા સ્વરૂપે રજુ કરશે. તેમ વિદ્યાલયના આચાર્ય ઉમંગ એ. વસ્તાનીએ જણાવ્યું છે.



● **શ્રી વિઘેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ માણસા ખાતે કૃષ્ણ જન્મોત્સવ યોજાશે**

ગાંધીનગર નજીક આવેલ માણસા સ્થિત વિઘેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જન્માષ્ટમીની વિશેષ ઉજવણી કરવામાં આવશે. આ અન્વયે તા. ૫ સપ્ટેમ્બરના રોજ રાત્રે ૯ કલાકે રાસ-ગરબા તેમજ ડાયરાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. રાત્રિના ૧૨ કલાકે કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવશે. તેમ સંસ્થાના મેનેજર ટ્રસ્ટી દિનેશ વ્યાસે જણાવ્યું છે.

● **શ્રીકૃષ્ણ જન્મોત્સવ - ત્ર્યંબકેશ્વર મહાદેવ સેવા ટ્રસ્ટ**

આર્ટ ઓફ લીવીંગ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન ત્ર્યંબકેશ્વર મહાદેવ, સેક્ટર-૮ ખાતે તા. ૫ સપ્ટેમ્બરના રોજ રાત્રે ૭ થી ૧૨.૩૦ કલાક દરમિયાન કરવામાં આવશે. જેમાં ગાયક કલાકારો દ્વારા ભજનો, રાસ-ગરબા કનૈયાની મહાઆરતી બાદ પ્રસાદનું વિતરણનું આયોજન રેખાબેન પટેલના સૌજન્યથી કરવામાં આવ્યું છે. નગરના સૌ ભક્તોને કનૈયાને પારણે ઝુલાવવા માટે મંદિરના મહંત પંકજ રાવલ અને ટ્રસ્ટના પ્રમુખ રાજીવ પટેલ વતી ભાવભર્યુ આમંત્રણ પાઠવ્યું છે.

● **સેક્ટર-૫ પંચમુખી મહાદેવ સેવા ટ્રસ્ટ દ્વારા જન્માષ્ટમીની ઉજવણી કરાશે**

સે. ૫-એ પંચમુખી મહાદેવ સેવા ટ્રસ્ટ દ્વારા જન્માષ્ટમી નિમિત્તે રાત્રે ૮.૦૦ થી ૧૨.૦૦ કલાક દરમિયાન ભજન-કિર્તનનો કાર્યક્રમ યોજાશે. આ ઉપરાંત રાત્રીના ૧૨.૦૦ કલાકે કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરાશે.

● **સેક્ટર-૬ વૃદ્ધાશ્રમમાં રાસ-ગરબાનો કાર્યક્રમ**

જન્માષ્ટમી નિમિત્તે સે. ૬ સ્થિત ક્રિશ્ના વૃદ્ધાશ્રમમાં રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. તેમ વૃદ્ધાશ્રમના ટ્રસ્ટના સંચાલક રાજેશ ભટ્ટે જણાવ્યું છે.

## લક્ષ્ય સંસ્થા દ્વારા તલાટીના તાલીમ વર્ગો શરૂ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરની લક્ષ્ય સંસ્થા દ્વારા મહેસૂલી તલાટીની આવનાર ભરતી માટે તાલીમ વર્ગ તા. ૧૫મી ઓગષ્ટના રોજ અટ્રીયા કોમ્પ્લેક્ષ, બ્લોક-બી, બીજો માળ-૨૧૧, સરગાસણ ચોકડી ગાંધીનગર ખાતે શરૂ કરવામાં આવ્યા છે. આ તાલીમ વર્ગમાં જોડાવવા ઈચ્છુક અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય સમાજના ઉમેદવારો જોડાઈ શકશે. તાલીમ મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ રૂબરૂ સંસ્થાનો અથવા મો.નં. ૯૪૨૭૦૫૮૯૪૬ પર સંપર્ક કરવો.



**ખમ્મા મારા નંદજીના લાલ -** નટખટ નટવરના અનેક સ્વરૂપો કૃષ્ણ લીલામાં વર્ણવાયા છે... ભગવાન શ્રીકૃષ્ણની રાસલીલા બાળકોમાં અને યુવાનોમાં ખૂબ જ પ્રિય છે... સેક્ટર-૪ની સ્માર્ટ કીડ્સ પ્રિ-પ્રાયમરી સ્કૂલના બાળકોએ કૃષ્ણ અને રાધાના પરિવેશમાં સુંદર માજાના અભિનય ગીતો રજૂ કર્યા હતા. કૃષ્ણ - પૂર્ણ પુરુષોત્તમનું સ્વરૂપ છે.. જેને અબાલવૃદ્ધ, નર-નારી, જ્ઞાની - અજ્ઞાની, શ્રમિક - શ્રીમંતો સૌ કોઈ અંતરના ઉંડાણથી સ્વીકારી ભજે અને ભજવે છે... **(તસવીર : કશ્યપ નિમાવત)**

## કૃષ્ણ જન્માષ્ટમી પર્વની શુભેચ્છા પાઠવતા મુખ્યમંત્રીશ્રી

ગાંધીનગર, તા.૪

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના પર્વની ગુજરાતના નાગરિકોને શુભકામના પાઠવી છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ગુજરાત કૃષ્ણ ભક્ત છે. ભગવાન શ્રીકૃષ્ણની વિશ્રાંથિકાળની ભૂમિ, ગુજરાતમાં જન્માષ્ટમીનો તહેવાર એ પ્રકૃતિની સાથે પ્રેમનો સંબંધ સજીવન કરતો જનઉત્સવ છે. આતતાયીઓના દમન અને અન્યાયનો પ્રતિકાર કરવાનું કૃષ્ણ જીવનદર્શન આજે પણ પ્રસ્તુત છે, એમ તેમણે કૃષ્ણ જન્મોત્સવની શુભકામનાઓ પાઠવતાં જણાવ્યું છે.

# મોડાસામાં શીતળા સાતમની ઉજવણી

મોડાસા, તા. ૪

આજે શ્રાવણ વદ સાતમ એટલે કે શીતળા સાતમ. શ્રાવણ માસમાં સાતમના દિવસે આ તહેવારની ઉજવણી કરવામાં આવે છે. શીતળા સાતમના દિવસે ઠંડુ ખાવાનો મહિમા હોય છે અને શીતળા માતાની મૂર્તિને ઠંડા પાણીથી સ્નાન કરાવી બહેનો પોતે પણ ઠંડા પાણીથી સ્નાન કરે છે તો આવો મહિમામી અરવલ્લી જિલ્લાના મોડાસામાં ઉજવણી થઈ હતી.



મોડાસાના ઓધારી માતાના મંદિર તથા કાશી વિશ્વનાથ મહાદેવના મંદિરમાં અને અન્ય જ્યાં પીપળાના પૂજન થતા હોય તેવી જગ્યાએ બ્રાહ્મણો દ્વારા ત્યં શીતળા સાતમના દિવસે શીતળા માતાની માટીની મૂર્તિની પૂજા કરાવવામાં આવે છે અને આ દિવસે સ્ત્રીઓ બ્રાહ્મણો દ્વારા ત્યાં શીતળા સાતમના દિવસે શીતળામાતાની માટીની મૂર્તિની પૂજા કરાવવામાં આવે છે અને આ દિવસે સ્ત્રીઓ બ્રાહ્મણોને સીધુ સામાન અર્પણ કરે છે અને શીતળા માતાની પૂજા કરે છે. આ રીતે આ તહેવારની ઉજવણી કરે છે. જ્યારે શીતળા સાતમ એટલે તેનો મહિમા એટલે સ્ત્રીઓ રાંધણ છઠ્ઠનું બનાવેલુ ઠંડુ ખાવાનું શીતળા સાતમના દિવસે ખાવામાં આવે છે. આ દિવસે ચૂલો સળગાવાનો નહિ એવી પણ માન્યતા છે. જ્યારે મોડાસામાં ઠેર ઠેર મંદિરોમાં મહિલાઓ મૂર્તિની પૂજા કરવા ઉમટી પડી હતી અને ધન-ધાન્ય સંતાન સૌભ્ય પ્રાપ્ત થાય તે માટે માનતા માને છે.

## આજે મહાત્મા મંદિરમાં રાજ્યના શ્રેષ્ઠ શિક્ષકોને પારિતોષિક એનાયત કરાશે

ગાંધીનગર, તા. ૪

ગુજરાત રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિતરણ સમારોહ આજે સવારે ૧૧ કલાકે મહાત્મા મંદિર સેમિનાર હોલ-૪, સેક્ટર-૧૩ ગાંધીનગર ખાતે યોજાશે.

આ પારિતોષિક વિતરણ સમારોહના અધ્યક્ષ તરીકે રાજ્યપાલ ઓ.પી. કોહલી, મુખ્ય અતિથિ પદે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, અતિથિ વિશેષ પદે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, પ્રો. વસુબેન ત્રિવેદી અને નાનુભાઈ વાનાણી ઉપસ્થિત રહેશે. રાજ્યપાલના હસ્તે શ્રેષ્ઠ શિક્ષકોને પારિતોષિક અર્પણ કરવામાં આવશે.

## ભાજપા ચૂંટણીઓ માટે સજ્જ છે

ગાંધીનગર, તા. ૪

ભારતીય જનતા પાર્ટી લોકતંત્રની મજબુતાઈમાં માને છે. કોંગ્રેસ દ્વારા અનેક વિરોધ અને વિઘ્નો બાદ પણ ભાજપા ચૂંટણીઓ માટે સજ્જ છે અને વિજય માટે વિશ્વાસ ધરાવે છે એમ ભાજપા પ્રદેશ પ્રવક્તા શ્રી આઈ.કે. જાડેજાએ જણાવ્યુ છે. ગુજરાત સહિત દેશભરમાં સતત પરાજયનો સામનો સમયે-સમયે યોજાઈ રહેલી સ્થાનિક સ્વરાજ્યથી લઈને લોકસભાની ચૂંટણીમાં કરી રહેલી કોંગ્રેસ ગુજરાતમાં ચૂંટણીથી કેમ ભાગે છે ? રાજ્ય ચૂંટણી પંચે જાહેર કરેલ સીમાંકનનો વિરોધ કરવો, પ્રજાકલ્યાણલક્ષી કાર્યોનો વિરોધ કરવો એ કોંગ્રેસની ઓળખ બની ગઈ છે, જે ગુજરાતના પ્રજાજનો સમજી ગયા છે.

ગુજરાતની ભાજપા સરકારે ગુજરાત વિધાનસભામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૫૦ ટકા મહિલા અનામતનો કાયદો પસાર કર્યો હતો. આ કાયદાને કોંગ્રેસ પાર્ટીએ જે તે સમયે પસાર ન થવા દઈને મહિલા શસક્તિકરણને અટકાવવાનું હિન કૃત્ય કર્યુ હતું. કોંગ્રેસ ચૂંટણીને યેન-કેન પ્રકારે અટકાવવાના પ્રયાસો કરે છે તેનું કારણ સ્પષ્ટ છે કે, પરાજયનો તેને ભય છે અને મહિલા સશક્તિકરણ તેને ગમતું નથી. ભાજપાની મહિલા કલ્યાણની નીતિઓ તેને પચતી નથી.

બિહારમાં બુરા હાલ થવાના છે. મધ્યપ્રદેશ, રાજસ્થાનમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં તાજેતરમાં પછડાટ ખાધી છે અને ગુજરાતમાં મોટી પછડાટ ખાવાની છે ત્યારે લોકતંત્રની પવિત્ર પ્રક્રિયા ચૂંટણીને અટકાવવાના તેના પેંતરા સાકાર થવાના નથી.

## શહેરમાં આવતીકાલના કાર્યક્રમો

● **વસાહતમંડળ દ્વારા આગામી નવરાત્રી મહોત્સવ પર્વનું આયોજન કરવા નવરાત્રી પર્વના પ્રમુખની વરણી કરવાની હોવાથી તા. ૬ સપ્ટેમ્બરના રોજ બપોરે ૩.૩૦ કલાકે સે. ૪ બગીચા ખાતે મંડળની બેઠક યોજાશે.**

● **રૂદ્રાભિષેક મંડળ દ્વારા લઘુ રૂદ્રાભિષેક રમેશભાઈ રાવળના નિવાસસ્થાન ટેનામેન્ટ નં. ૭૪૭, ગુ.હા. બોર્ડ, સે. ૨૪ ખાતે સવારે ૮.૩૦ કલાકે યોજાશે.**

● **સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા શિવ મહિમ્ન પાઠ કેવલરામના નિવાસસ્થાન બ્લોક ૭/૨, છ-ટાઈપ ખાતે રાત્રે ૯ કલાકે યોજાશે.**

● **બ્રહ્મ બંધુ મિત્રમંડળ દ્વારા શિવ મહિમ્ન પાઠ હસમુખભાઈ રાવલના નિવાસસ્થાન ઘ-૧ ટાઈપ, સે. ૨૩ ખાતે રાત્રે ૯ કલાકે યોજાશે.**

● **શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા શિવ રૂદ્રાભિષેક તેમજ શિવ મહિમ્નના પાઠ નિરવભાઈ દવેના નિવાસસ્થાન એચ-૧૦૪, શાલ્વિક શુકન વાવોલ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે.**

## રંગ જામશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉજવણી કરવામાં આવશે.બ્રહમભવન ખાતે રાસ ગરબા મટકી ફોડ સહિત બાળકૃષ્ણના જન્મોત્સવની ઉજવણી કરવામાં આવશે.ભાગવત વિધાપીઠમાં પણ સંસ્કૃત પ્રદર્શીનીનુ આયોજન કરવામાં આવ્યુ છે. શહેરના ધાર્મિક સ્થાનો ઉપરાંત શૈક્ષણિક સંકુલમાં પણ જન્માષ્ટમીની ઉજવણીનુ અનોખુ આયોજન કરવામાં આવ્યુ છે. સે-૨૩ સ્વામિનારાયણ ગુરુકુલ સ્કુલમાં પણ જન્માષ્ટમીની વિશેષ ઉજવણી કરવામાં આવશે. જેમાં ભારતીય સંસ્કાર મુજબ વિવિધ સંસ્થાના બાળકો દ્વારા કૃષ્ણ પ્રાગ્ટયોત્સવનું આયોજન કરવામાં આવ્યુ છે.ભગવાનના વિવિધ અવતારોને નાટીકા તેમજ નૃત્ય દ્વારા રજુ કરવામાં આવશે. આ ઉપરાંત સે-૩ ન્યુ શિવશકિત મંદિર ખાતે પણ જન્માષ્ટમીની ભવ્ય ઉજવણી નિમિત્તે રાસ ગરબા તેમજ મટકી ફોડ અને કૃષ્ણજન્મોત્સવ અને બાળકો માટેનો સ્ટેજ કાર્યક્રમ યોજવામાં આવશે. શહેરમાં જન્માષ્ટમીના પર્વ દરમિયાન અનોખો ભક્તિરંગ જોવા મળશે. શ્રાવણમાં એકબાજુ શિવભકિતનો માહોલ જામ્યો છે. ત્યારે કૃષ્ણજન્મોત્સવની ઉજવણીથી નગરમાં અનોખી આધ્યાત્મિક ચેતના જાગૃત થશે.

## ભાજપ સામે ભાજપ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નિમંત્રિત કરાયા હતા. તેમજ આયોજનને લઈ સમિતિ પણ રચાઈ હતી. જોકે ભાજપના સભ્યોએ સ્વાગતમાં તેમનો સમાવેશ કરી તેમના માન સન્માનનો મુદ્દો ઉઠાવ્યો હતો.

આ તક કોંગ્રેસના સભ્યોએ ઝડપી લીધી હતી. કોંગીના શ્રી અજીતસિંહ રાઠોડે જણાવ્યું હતું કે પંચાયત અધિનિયમમાં સ્પષ્ટ જોગવાઈ છે કે અંદાજપત્રની જોગવાઈ સિવાયનો ખર્ચ ગેરબંધારણીય છે. તેમણે કેટલીક કલમો પણ ટાંકી હતી.

આ પછી તંત્રના અધિકારીઓએ સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ કરતાં વધારે ખર્ચ થયાનો અને વિકાસ કમિશનરના પત્રને પણ ટાંક્યો હતો. જો કે કોંગ્રેસે ઉગ્ર વિરોધ નોંધાવી આક્રમક વિપક્ષનો મિજાજ દર્શાવ્યો હતો. આ એકાએક હુમલાથી ચોંકી ગયેલા ભાજપે જુના ખર્ચાઓ યાદ કરી અને કોંગ્રેસને ભીંસમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. આખરે પંચાયત પ્રમુખશ્રીની દરમ્યાનગીરીને અંતે સમગ્ર બાબતો સર્વાનુમતે મંજૂર થઈ જવા પામી હતી.

આ સામાન્ય સભામાં ગેરકાયદે ઈંટવાડાના ભઠ્ઠાઓને ૪૦ પટનો દંડ કરી તે દૂર કરવાની ભલામણનો પણ સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો હતો.

આજની સામાન્ય સભામાં એન.એ.ના સૂચવાયેલા કામોને પણ બહાલી આપવામાં આવી હતી.

## મહેમાન બન્યા

● અનુસંધાન બીજાનું ચાલુ

તેમને ગુજરાતીઓ ખુબ ગમે છે. અગાઉ હિન્દી સિરિયલ આર.કે. લક્ષ્મણની દુનિયા તેમણે ગુજ્જુ ભાવેશભાઈનું પાત્ર ભજવ્યુ હતુ. અતુલ પુર્ચરેને ગુજરાતી વાનગી ખુબ ખાવી ગમે છે. તેમણે અઢળક હિન્દી ફિલ્મોમાં કામ કર્યું છે. જેમાં મુખ્યત્વે ચોરો કી બારાત, બુઢા હોગા તેરા બાપ, ઓલ ધ બેસ્ટ, બિલ્લુ બાર્બર, પાટનર, આવારાપન, સલામે ઈશ્ક, જ જંતર, મ મંતરમ સહિત ફિર ભી દિલ હૈ હિન્દુસ્તાનીનો સમાવેશ થાય છે. તેમણે હિન્દી ટીવી સીરીયલો તેમજ કોમેડી નાઈટ્સ વીથ કપિલ, કોમેડી સર્કસ કે અજુબે શૉ સહિત અસંખ્ય ટીવી એડમાં પણ કામ કર્યુ છે. સબટીવીની લોકપ્રિય ટીવી સીરીયલ ચિડિયાઘરમાં મયુરીના પાત્રથી પ્રસિદ્ધી મેળવનાર દેવીના બેનર્જી "યમ હૈ હમ' સિરિયલમાં યમરાજની પત્નિનો રોલ નિભાવી રહી છે. દેવીનાને પણ ગુજરાતી વાનગી અને ગુજરાતી ભાષા બહુ ગમે છે. સિરીયલમાં દેબિના મહત્વનું પાત્ર નિભાવી રહી છે. દર્શકોને તેનું કામ ચોક્કસ ગમશે તેમજ મયુરીને ભુંસીને આ પાત્રને યાદ રાખશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. એન.આઈ.સી.એમ. માં યોજાયેલા પ્રમોશન કાર્યક્રમમાં ત્રણેય કલાકારો સિરિયલના ગેટઅપમાં જ વિદ્યાર્થીઓ સામે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓએ પુછેલા તમામ પ્રશ્નોના સરળ રીતે જવાબ આપ્યા હતા અને મનોરંજન પુરૂ પાડ્યું હતું. વિદ્યાર્થીઓ પણ તેમને મળીને આનંદિત થઈ ગયા હતા અને તાલીઓના ગડગડાટથી વધાવી લીધા હતા.

**જાહેર નિવિદા**

સરકારી પોલીટેકનીક સેક્ટર-૨૬ અને સ્ટાફ ક્વાટર્સ સેક્ટર-૨૪ ખાતે ઉગેલ ઘાસની જાહેર હરાજી તા. ૧૦/૯/૨૦૧૫ના રોજ બપોરે ૩-૦૦ કલાકે સંસ્થા ખાતે સેક્ટર-૨૬માં રાખેલ છે. તો રસ ધરાવનાર ઈસમોએ રૂ. ૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા)ની ડીપોઝીટ ભરી રૂબરૂ હાજર રહેવું.

આચાર્ય

માહિતી/૧૪૦૬/૧૫-૧૬ સરકારી પોલીટેકનીક, ગાંધીનગર

**ડીસા નગર સેવા સદન**

**ટેન્ડર નોટીસ**

આથી જાહેર બાંધકામ વિભાગના માન્ય કોન્ટ્રાક્ટરોની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા કોન્ટ્રાક્ટરોને જણાવવાનું કે, ડીસા નગરપાલિકાને નીચે મુજબના વિકાસના કામો કરાવવાના હોઈ આ અંગે ઈ-ટેન્ડરીંગથી ભાવો મંગાવવામાં આવે છે. વિગતવાર માહિતી www.nprocure.com ઉપર મેળવવા જણાવવામાં આવે છે. સદરહુ કામોની ત્રણ વર્ષની મરામત અને નિભાવણી કરવાની રહેશે.

| અનું. | કામનું નામ | અંદાજીત રકમ |
|---|---|---|
| ૧ | ડીસા નગરપાલિકા વિસ્તારમાં ઓસવાલ સમાજવાડી રોડ, હાઈવેથી ચંદન સોસાયટી, જયપાર્ક સોસાયટી, શ્રીપાલ સોસાયટી, વિજય પાર્કમાં સી.સી.રોડનું કામ | રૂ. ૬૮.૨૨ લાખ |

નં.પા.બાંધકામ/ભુગર્ભ/વશી સને ૨૦૧૫-૧૬
નગર સેવા સદન
ડીસા તા. ૩-૯-૨૦૧૫

(સુરેશ બી. જાદવ) સિવિલ એન્જિનિયર ડીસા નગરપાલિકા
(હેમંત બી. પટેલ) મુખ્ય અધિકારી ડીસા નગરપાલિકા
(શ્રીમતી કૈલાશ વિપુલ શાહ) પ્રમુખ ડીસા નગરપાલિકા

**રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલયી શિક્ષણ સંસ્થાન**
(ભારત સરકારનું સ્વાયત્ત સંગઠન)

ક્ષેત્રીય કેન્દ્ર : ગાંધીનગર | ૭મો માળ, એમ.એસ. બીલ્ડીંગ, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧, ફોન: ૦૭૯-૨૩૨૨૦૪૧૦, મોબાઈલ: ૮૭૩૩૦૨૩૫૬૫, ફેક્સ: ૦૭૯-૨૩૨૨૦૪૧૧ વેબસાઇટ: www.niosgnr.org, ઇ-મેઇલ: rcgandhinagar@nios.ac.in
(સીબીએસઈ/સીઆઈએસસીઈ સમકક્ષ ભારત સરકારનું પરીક્ષા બોર્ડ)

**પ્રવેશ માધ્યમિક(૧૦મું) અને ઉચ્ચતર માધ્યમિક(૧૨મું)- સ્ટ્રીમ-૧**

| પ્રવેશ તારીખો ૨૦૧૫ | ફી |
|---|---|
| ૩૧ જુલાઈ સુધી | લેટ ફી વગર |
| ૦૧ ઓગષ્ટ - ૧૫ ઓગષ્ટ | રૂા. ૨૦૦/- લેટ ફી સાથે |
| ૧૬ ઓગષ્ટ - ૩૧ ઓગષ્ટ | રૂા. ૪૦૦/- લેટ ફી સાથે |
| ૦૧ સપ્ટેમ્બર–૧૫ સપ્ટેમ્બર | રૂા. ૭૦૦/– લેટ ફી સાથે |

**પ્રવેશ લાયકાત**

| માધ્યમિક | ઉચ્ચતર માધ્યમિક |
|---|---|
| કોઈ પ્રમાણપત્રની જરૂર નથી | માન્યતા પ્રાપ્ત બોર્ડથી દસમું પાસ |

**ફી માળખું**

| અભ્યાસક્રમ | પુરુષ | સ્ત્રી | અનુ. જાતિ/અનુ. જનજાતિ, ભૂતપૂર્વ સૈનિક, નિશક્ત | બાજુમાં દર્શાવેલ ફી ઉપરાંત, ઓનલાઈન અરજી ફોર્મ માટે રૂા. ૫૦/- (રૂા.પચાસ માત્ર) વધારાના આપવાના રહેશે. |
|---|---|---|---|---|
| માધ્યમિકમાં ૫ વિષયો માટે | ₹૧૩૫૦ | ₹૧૧૦૦ | ₹૯૦૦ | |
| ઉચ્ચતર માધ્યમિકમાં ૫ વિષયો માટે | ₹૧૫૦૦ | ₹૧૨૫૦ | ₹૯૭૫ | |

પરિણામ જૂન ૨૦૧૬ની શરૂઆતમાં
એનઆઈઓએસના પ્રમાણપત્ર નોકરી અને ઉચ્ચ અભ્યાસ માટે માન્ય છે.

હવે ધોરણ-૧૨ અભ્યાસક્રમ ગુજરાતી માધ્યમમાં પણ ઉપલબ્ધ છે.




ધોરણ-૧૧માં નાપાસ વિદ્યાર્થીઓ પણ ધોરણ-૧૨માં પ્રવેશ મેળવી શકે છે

પરીક્ષા : એપ્રિલ ૨૦૧૬માં
પાસ થયા પછી માન્યતા પ્રાપ્ત પ્રમાણપત્ર મેળવો

**અમદાવાદ:** સી.જી. રોડ : ૯૯૯૮૪૩૮૧૨૨, નવરંગપુરા-૯૪૨૭૩૧૨૩૬૮, મિર્ઝાપુર-૦૭૯-૨૫૫૦૭૦૮૬, ૯૪૨૬૩૨૬૩૪૪, ૯૪૨૪૪૨૧૩૬૪, વાડજ-૦૭૯-૨૭૬૪૪૪૮૬, મણીનગર-૮૦૦૦૨૫૮૭૨૭, બાપુનગર-૯૯૨૪૫૦૫૩૫૩, રખિયાલ-૯૪૨૬૩૯૬૬૬૮ આશ્રમ રોડ-૯૯૦૯૯૨૫૮૯૩, એલિસબ્રિજ-૦૭૯-૨૬૫૭૭૧૧૫, ૨૬૫૮૦૪૭૪૨, સાબરમતી-૯૪૦૯૪૦૭૦૬૪, ધોળકા-૯૪૨૯૦૧૯૦૦૫, ૯૪૨૬૮૭૩૩૮૬ **ખેડા (Nes) :** ૯૮૨૫૧૮૭૦૦૫ **આણંદ :** ૦૨૬૯૬-૨૮૬૬૧૬, ૯૮૨૪૨૫૯૨૦૨, ૯૪૨૬૦૪૩૬૪૧, ૯૯૭૯૯૭૯૦૭૦ **અમરેલી :** ૯૯૦૯૯૧૦૯૭૭ **બનાસકાંઠા :** ૦૨૭૪૨-૨૨૨૨૨૦, ૯૮૯૮૪૦૨૭૯૧, ૮૪૬૦૫૬૩૦૦૭, **ભરૂચ :** ૯૯૨૫૮૯૭૫૪૮, ૦૨૬૪૬૨૫૨૪૦૦, ૯૨૨૭૭૮૦૫૩૦, **ભાવનગર :** ૭૭૭૭૯૪૯૩૯૨, ૯૪૨૬૨૫૬૦૬૪, ૯૩૭૭૭૭૬૫૬૬, ૯૯૨૫૭૨૫૦૦૯, ૯૩૨૮૦૯૦૭૦૦ **જામનગર :** ૯૯૭૯૩૮૯૪૭૩, ૦૨૮૯૨-૨૬૨૧૫૮, ૯૪૨૭૭૭૪૪૫૪, ૭૫૬૭૪૧૮૪૦૯, ૯૮૭૯૯૫૩૭૩૫ **કચ્છ :** ૯૯૧૩૦૫૬૮૮૮, ૯૮૭૯૧૫૯૭૫૫, ૦૨૮૩૮-૨૮૭૨૭૧, ૯૮૭૯૨૦૩૫૮૬, ૦૨૮૩૬-૨૨૦૬૫૭, **ગાંધીનગર :** ૯૮૨૪૦૧૨૦૮૯, ૯૧૭૩૧૯૮૧૮૧, ૦૨૭૬૪-૨૪૮૦૦૫ **ગીર-સોમનાથ :** ૯૮૭૯૪૨૫૨૭૪, ૯૪૨૮૨૧૪૨૭૭ **ડાંગ :** ૯૪૨૬૬૭૦૯૪૦ **દાહોદ :** ૯૭૩૭૯૪૦૪૨૪, ૯૭૨૬૮૭૦૯૦૬, ૯૫૭૪૪૮૯૪૦૮, ૭૮૭૪૮૦૮૦૭૩, ૯૭૧૨૩૬૫૧૩૩, **મહેસાણા :** ૦૨૭૬૩-૨૨૨૬૧૨, ૯૮૨૫૩૨૨૬૧૨, **કડી :** ૮૭૩૫૯૬૩૪૧૨, **પંચમહાલ :** ૦૨૬૭૫ ૨૩૭૫૨૮, ૯૯૨૪૫૮૭૦૯૮, ૯૭૨૬૦૧૬૬૬૦, **પાટણ :** ૦૨૭૬૬-૨૨૧૮૯૪, ૯૪૨૮૭૫૩૩૧૦, ૦૨૭૬૬-૨૮૭૬૨૪, ૯૯૦૯૯૨૬૫૯૧ **સાબરકાંઠા :** ૯૪૨૮૨૨૧૧૧૩, **સુરત :** ૦૨૬૧-૨૮૪૦૬૫૯, ૯૮૨૪૧૩૫૬૪૩, ૦૨૬૧-૨૭૮૪૩૯૪, ૦૨૬૧-૨૨૭૨૭૮૧, ૯૮૯૮૦૪૫૯૫૫, ૦૨૬૨૨-૨૬૩૨૦૬, ૯૭૨૭૭૩૨૯૨૬, ૯૩૭૪૬૩૩૦૪૨, ૮૩૦૬૦૫૭૦૦૬, ૯૭૧૨૦૬૭૫૩૬, ૯૯૨૫૨૮૧૩૮૦, ૯૪૨૭૫૭૫૭૫૯, **નવસારી :** ૦૨૬૩૭-૨૨૯૨૧૩, ૯૦૯૯૫૧૧૫૯૫૮, **પોરબંદર :** ૦૨૮૬-૨૨૪૬૫૦૨, ૯૮૭૯૪૯૨૧૩૩, **રાજકોટ :** ૯૪૨૭૨૫૫૦૮૭, ૦૨૮૧-૬૫૫૬૪૬૪, ૯૯૦૯૯૦૦૫૬૯, **ગોંડલ :** ૮૪૦૧૮૧૮૧૮૧, **સુરેન્દ્રનગર :** ૦૨૭૫૨-૨૨૫૬૪૭, ૦૨૭૫૪-૨૮૨૯૩૧, ૯૫૬૧૭૭૩૮૨૩, ૦૨૭૫૨-૨૯૦૩૩૯, ૮૮૬૬૧૬૦૮૬૬, **વડોદરા :** ૦૨૬૫-૨૬૮૦૦૬૮, ૦૨૬૫-૨૬૫૫૪૫૫, ૯૮૨૫૭૯૯૭૫૯૫, ૭૮૨૦૦૪૮૪૮૪, **વલસાડ :** ૯૨૨૭૮૫૯૨૨૨, ૯૪૨૬૮૮૧૧૧૪,૦૨૬૦-૨૯૯૦૩૬૨, ૯૦૯૯૦૧૨૬૪૩, **જુનાગઢ :** ૮૨૩૮૬૪૫૮૦૫, ૭૭૭૭૯૭૪૬૬૧, ૯૯૨૪૨૩૬૬૦૦, ૯૮૨૫૨૩૦૧૩૨, **મહીસાગર :** ૯૪૨૯૪૭૧૭૮૬ **દ્વારકા :** ૯૯૦૯૬૩૦૩૩૦

**એનઆઈઓએસની વિશેષતાઓ**

◆ પ્રવેશ આખુ વર્ષ ચાલુ છે (ઓનલાઈન) ◆ પોતાના ક્રેડિટ કાર્ડ/ડેબિટ કાર્ડ/નેટ બેંકિંગથી ઓનલાઈન અથવા બેંક ડ્રાફ્ટ દ્વારા ચૂકવણી કરો ◆ ક્રેડિટનું સ્થળાંતરણ (ફક્ત માન્યતા પ્રાપ્ત બોર્ડથી છેલ્લા ૫ વર્ષોમાં પાસ થયેલ વધુમાં વધુ ૨ વિષયોમાં અને છેલ્લા ૧૦ વર્ષોમાં એનઆઈઓએસથી પાસ કરવામાં ૪ વિષયોમાં) ◆ પોતાની પસંદગીના અભ્યાસ કેન્દ્રની પસંદગીની સ્વતંત્રતા ◆ આખુ વર્ષ ઓન-ડિમાંડ પરીક્ષાની સુવિધા ◆ પ્રમાણપત્ર મેળવવા માટે ફક્ત ૫ વિષય પાસ કરવા જરૂરી તથા વધારાના વિષય લેવાની પણ સુવિધા ◆ પરીક્ષા પાસ કર્યા બાદ એક જ માર્કશીટ મેળવો ◆ વિદ્યાર્થી પોતાની મરજી મુજબ એક અથવા બધા વિષયોની પરીક્ષા આપી શકે છે ◆ વિષય પસંદગીની છૂટ ◆ શૈક્ષણિક અભ્યાસની સાથે એક વ્યવસાયિક વિષય પણ લઈ શકાય છે ◆ વ્યક્તિગત સંપર્ક કાર્યક્રમ(પીસીપી) દ્વારા શૈક્ષણિક સહાય તથા સતત મૂલ્યાંકન માટે શિક્ષક અંકિત મૂલ્યાંકનનું કાર્ય (ટીએમએ) ◆ પ્રવેશ ૫ વર્ષ સુધી માન્ય ◆ વર્ષમાં બે વાર પરીક્ષા એપ્રિલ-મે અને ઓક્ટોબર-નવેમ્બર.

અભ્યાસક્રમ, ફી, યોગ્યતા, રાજ્ય વાર અધ્યયનકેન્દ્રોની યાદી, માહિતી પુસ્તિકા અને અરજી ફોર્મ વિગેરે એનઆઈઓએસની વેબસાઈટ www.nios.ac.in પર ઉપલબ્ધ છે.
વધુ માહિતી માટે સંપર્ક કરો : વિદ્યાર્થી સહાયતા કેન્દ્ર (એલએસસી), ટોલ ફ્રી નં. 1800-180-9393, ઈ-મેલ : lsc@nios.ac.in
એનઆઈઓએસ વિશ્વની સૌથી મોટી મુક્ત વિદ્યાલયી શિક્ષણ પ્રણાલી